જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૮/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૨૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૬૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૭ કેસ કરી, ૯૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૫૭,૧૬૭/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૨૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૨૪/૨૦૨૫**

એલીસબ્રીજઃ અનુરાગ ઓમપ્રકાશ કાબરા (રહે.રોહિણી સોસાયટી, માણેકબાગ રોડ, શ્રેયશબ્રિજ પાસે) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૫ કલાક ૧/૦૦ થી સવારના ૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટના ડ્રોઅરમાંથી સોનાના હારના સેટ નંગ–૪ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/–, સોનાની બંગડી નંગ–૨ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/–, ચાંદીના સિક્કા કિમત રૂપિયા ૨૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– તથા રાડોની કાંડા ઘડીયાળ નંગ–૨ કિમત રૂપિયા ૧૦,૦૦૦/– તેમજ સી.સી.ટી.વી કેમેરાનું ડી.વી.આર કિમત રૂપિયા ૮,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮,૦૮,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એમ.ભુવા ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૨૫/૨૦૨૫**

"એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ મેહુલભાઈ લાલાભાઈ પરમાર (ઉ.વ.૨૭) (રહે.શ્રીજી સપ્લાયર સનાથલ ટોલટેક્ષની બાજુમાં સરખેજ) તા.૦૯/૦૮/૨૦૨૫ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા એસ.પી.રીંગ રોડ સનાથલ ટોલનાકાથી સનાથલ ઓવરબ્રીજ તરફ જતા બ્રીજના છેડેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે આયસર ટ્રક નંબર જીજે ૦૧ એફટી ૦૦૭૪ ના ચાલક રોહીત રતીપાલ વર્મા (રહે. નીલ ઓટો ઈલેક્ટ્રીક ગેરેજ નાયરા પેટ્રોલપંપની બાજુમાં સનાથલ) એ આયસર ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા મેહુલભાઈ પરમાર પડી જતા, ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ ભુપતભાઈ બાપુભાઈ પરમારે "એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.જાડેજા ચલાવે છે.

બીજા માળથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૨૬/૨૦૨૫**

ચાંદખેડાઃ સાબરમતી છારાનગર અચેર ચાર રસ્તા પાસે રહેતા અને છુટક મજુરી કરતા અંકિત સ/ઓ નારાયણ બૂજ (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ–ગોરીપાક તા–ચેમારી જી–સલંવર રાજસ્થાન) તા.૦૮/૦૮/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા અશોકવિહાર સર્કલ પાસે વિજળી કર્મચારી સોસાયટીના મકાન નંબર એ/૧૫ ખાતે કામ કરતા હતા ત્યારે બીજા માળથી પડી જતા, ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૮/૨૦૨૫ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આનંદકુમાર પરસોત્તમભાઈ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૧૨૭/૨૦૨૫**

મેઘાણીનગરઃ નયનાબહેન રાકેશભાઈ દાતણિયા (ઉ.વ.૪૭)(રહે.સંતોકબાઈની ચાલી ચમનપુરા) તા.૦૯/૦૮/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઈલેક્ટ્રીક પાણીની મોટર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રી.એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૨૮/૨૦૨૫**

ગોમતીપુરઃ સુરજસિંહ કિર્તીસિંહ રાઠોડ (ઉ.વ.૩૦)(રહે.ગંજીફરાક મિલની ચાલી રખીયાલ ચાર રસ્તા પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૫ ના કલાક ૨/૩૦ વાગ્યા પહેલા રહેણાંક નજીક ઝાડની ડાળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાકેશભાઈ ભરતભાઈ ચલાવે છે.

રામોલઃ (૧) વિજયભાઈ જસુભાઈ સેનવા (ઉ.વ.૩૨)(રહે.ભરવાડવાસ રામોલ ગામ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૫ રાતના કલાક ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી લક્ષ્મણભાઈ બાબુભાઈ ચલાવે છે.

રામોલઃ (૨) માધવભાઈ વૃદાવનદાસ પંડ્યા (ઉ.વ.૫૦)(રહે.દેવાશ્ય સીટી, અદાણી સર્કલ પાસે, વાંચ રોડ રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ફલેટની લિફ્ટ પાસે આવેલ ગેલેરીમાંથી છઠ્ઠા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી